## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

**સલામી સવારની..**

કમાયા છે 'જમીન'માં દુશ્મનોને પણ નમાવ્યા છે
સંડોવ્યા છે સૌને, બધા પક્ષોના નેતાને જમાડ્યા છે,
જમાવ્યા છે સંબંધો, ને કમાયા અબજો 'લવાસા'માં
ભમાવ્યા નિયમો, કાયદા નમાવ્યા, મૂલ્યો ગુમાવ્યાં છે.
(પવાર પરિવાર ઉત્કર્ષ યોજના)

**હાઈકુ**

કામ આવશે!
નકલી-ઘી-માખણ..
બધા નેતાને -
(બનાવટી સ્મિત-નમ્રતા)

૧. બતાવે સ્વપ્નો,
૨. 'મુદ્દાઓ'ના નશામાં -
૩. મૂંગેરી લાલો..
(દસમો મુદ્દો)

### ચિંતન

**અશ્વં નૈવ ગજં નૈવ વ્યાગ્રં નૈવ ચ નૈવ ચ ।**
**અજાપુત્રં બલિ દદ્યાદેવો દુર્બલ ઘાતકઃ ॥**

'દેવતાઓને જયારે બલિ આપવાનો હોય, ત્યારે ઘોડાનો નહીં, હાથીનો નહીં, વાઘનો તો નહીં નહીં ને નહીં જ, પણ અજાપુત્ર-એટલે કે 'બકરાં'નો બલિ અપાય છે, ખરેખર દેવો પણ દુર્બળ વિરોધ ન કરી શકનાર - નબળાં ના જ ઘાતક બને છે.'

આજે રેલ્વે અકસ્માત થાય, ડેમ-નહેરોમાં તિરાડ પડે, મોટી જાનહાનિ થાય તેવી કોઇ પણ સરકારી હોનારત થાય ત્યારે જે તે ખાતાંના પ્રધાનશ્રી-સચિવશ્રીઓનો નીતી વિષયક દોષ જોવાતો નથી, પણ અકસ્માત સ્થળે ફરજ બજાવતો તદ્દન નાનો 'ફાટકવાળો' કે 'લાઇનમેન' જ બધા દોષનો 'બકરો' બની સસ્પેંડ થાય કે ડીસમીસ થાય!

સમાજમાં બલવાન લોકો તો બોલીને કે સામ-દામ-દંડથી પણ વિરોધ કરી શકે છે - નાનો માણસ કંઇ જ બોલી શકતો નથી. 'સમરથ તો દોષ નહીં ગોંસાઇ!' સમર્થ માણસ ગમે તેટલાં કૌભાંડ - ખાયકી કરે અંતે તો 'નોંધ મૂકનાર' પર જ રેલો આવે છે..

અહીં, દેવતાઓ પણ હાથી-ઘોડા-સિંહ-વાઘના બલિથી પ્રસન્ન થતા નથી એ પણ 'બિચારા' મૌન 'બકરાં' નો જ બલિ માગે છે.

### સુવિચાર

- તમારા મોં માં શું શું જાય છે એ મહત્ત્વનું નથી પણ તમારા મોંઢામાંથી શું નીકળે છે તે મહત્ત્વનું છે - **જે. કૃષ્ણમૂર્તિ**
- ખરેખર તો ઇશ્વર કેવો છે તેથી જ ચર્ચા કર્યા કરનાર વ્યક્તિ હકિકતે ઇશ્વરને ઓળખતા જ નથી, કારણ કે પરમ સત્ય અમાપ અને અવર્ણનીય છે - **જે. કૃષ્ણમૂર્તિ**
- આપણે અંદરથી ભરેલા નથી એટલે આપણે બહારની ભૌતિક સમૃધ્ધિને ઝંખીએ છીએ - **જે. કૃષ્ણમૂર્તિ**
- જીવનમાં સતત નવી લાગણી, નવા સંબંધો, ફેરબદલ થયા જ કરે છે, આજનો દિવસ કદી ગઇકાલ જેવો હોતો જ નથી, જીવનની આ જ ખૂબી છે - **જે. કૃષ્ણમૂર્તિ**
- માત્ર સૌંદર્ય તરફ જ નહીં, દર્દ અને વેદનાઓ તરફ પણ આપણે દૃષ્ટિ કેળવવી જોઇએ - **જે. કૃષ્ણમૂર્તિ**
- માત્ર જ્ઞાન, ચાતુરી, માહિતી એકત્ર કરવાથી માનવી શિક્ષિત બની શકે નહીં - **જે. કૃષ્ણમૂર્તિ**
- તું જે બહાર શોધે છે, તે તારી અંદર જ છે. તું જેને શોધે છે તું જાતે જ છો - **જે. કૃષ્ણમૂર્તિ**

### બોધ કથા

જીવનને સાચી રીતે જોવાની આપણી પાસે દૃષ્ટિ જ નથી. પરિશ્રમ અને સાહસથી સમૃધ્ધ થયેલા વેપારીમાં આપણને લુચ્ચાઇનો દોષ દેખાય છે, સંત-સજ્જનમાં દંભ દેખાય છે. વિનય-વિવેકમાં દુર્બળતા દેખાય છે - વગેરે.

એક યુવાન સોક્રેટીસ પાસે આવ્યો અને પૂછ્યું જીવન પ્રત્યે જોવાની સાચી દૃષ્ટિ કેવી હોય?

સોક્રેટીસે તરત જવાબ આપ્યો : જયારે સંત-સજ્જન મળે ત્યારે તેના આચાર-વિચારનું અનુકરણ કરવું. અને જો દુર્જન મળી જાય તો તેના દોષ જોઇ, પોતાના હૃદયનું નિરીક્ષણ કરવું અને પોતાની સાથે જ દોષની સરખામણી કરી પોતાના દોષ દૂર કરવા પ્રયત્ન કરવો.'

સોક્રેટીસે વધારામાં જણાવ્યું કે વ્યવહાર જગતમાં આપણે આનાથી ઉલ્ટું જ કરીએ છીએ. દુર્જનના દોષ જોઇ તેનું અનુકરણ કરવા લાગીએ છીએ અને સજ્જનના સદ્ગુણ પાછળની કાળી બાજુ શોધવા મંડી પડીએ છીએ.

# ગાંધીનગર ખાતે "જીવન સરિતા" પુસ્તકનું લોકાર્પણ અને સારસ્વત શ્રી શિવશંકર દવેનો અમૃત મહોત્સવ સંપન્ન

### સમાચાર સેતુ

ગાંધીનગર શહેર વિકાસ સત્તામંડળ (ગુડા) ના ચેરમેન અશોક ભાવસારે પૂર્વ મુખ્ય સચિવ પી.કે. લહેરીની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે "જીવન સરિતા" પુસ્તકનો લોકાર્પણ વિધિ શારસ્વત શિવશંકર દવેનો અમૃત મહોત્સવનો સંપન્ન કરાવ્યો હતો.

આ પ્રસંગે અશોક ભાવસારે જણાવ્યું હતું કે, આપણા નગરોને સતત ધબકતાં રાખતા અને નવી પેઢીને ભારતીય સંસ્કૃતિ તરફ અભિમુખ કરવામાં વરિષ્ઠ નાગરિકોનું અમૂલ્ય પ્રદાન છે. પશ્ચિમી આક્રમણથી આપણી સંસ્કૃતિને બચાવવા, વૃધ્ધાશ્રમ બનાવતાં અટકાવવા વડીલોને નવી પેઢીને સાથે રાખીને સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે તેમ જણાવી ભાવસારે કહ્યું કે, ઉપયોગી પુસ્તકોના માધ્યમથી સમાજને હરહંમેશ નવી પ્રેરણા મળતી રહે છે. તેમણે શ્રી શિવશંકરભાઈને દિર્ઘાયુ અને સ્વસ્થ જીવન માટે શુભેચ્છાઓ પાઠવી ભાવિ આયોજનો વધુ યશસ્વી નિવડે તથા સદવાંચનની પ્રવૃત્તિ સમગ્ર રાજ્યમાં વધુને વધુ વિસ્તરે તે માટે ઈશ્વર પ્રતિ શ્રધ્ધા વ્યકત કરી હતી.

પૂર્વ મુખ્ય સચિવ શ્રી પી.કે. લહેરીએ કહ્યું હતું કે, સરકારી અધિકારી કે કર્મચારી નિવૃત્તિ બાદ જીવનમાં ખાલીપો અનુભવે છે. નિવૃત્તિની તારીખ અગાઉથી નક્કી હોય તો પણ નિવૃત્તિ આવતા જ આપત્તિ આવી હોય તેવી ફાળ પડે ત્યારે પ્રવૃત્તિ રહીને ઈશ્વરદત્ત જીવનને જીવવાની કળા કેળવીને સાર્થક કરીએ તો જ પરમતત્ત્વને પામી શકાય. લેખકને અભિનંદન પાઠવીને શ્રી પી.કે. લહેરીએ કહ્યું કે, આપણને જે આયુષ્ય મળ્યું છે તેનો ઉપયોગ બીજાના સુખ માટે કરવો જોઈએ. સૌના સુખમાં જ આપણું સુખ સમાયેલું છે. વિકટ સંજોગોમાં પણ શબ્દોની સાધના કરીને નિદાનંદમાં રહેવું અને લોકકલ્યાણના કાર્યો કરવા તેની પ્રતિતિ શિવશંકરભાઇ દવેએ કરાવી છે. તેનો ઉલ્લેખ કરીને પૂર્વ મુખ્ય સચિવશ્રીએ પોતાને મળેલી કામગીરી વિશુધ્ધ આનંદ પૂર્વક કઇ રીતે કરવી તેની રસલક્ષી માહિતી આપી હતી.

વરિષ્ઠ સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈ એ આજના વડીલો તમામ પેઢીને ખૂબ જ સહજતાથી અને પ્રેમપૂર્વક સ્વીકારીને પોતાના સમય જેવી સંસ્કારમય બનાવવા પ્રયત્ન કરે છે. તેમ જણાવી કહ્યું કે, સાહિત્યકારો અને કલાકારો દ્વારા નગરમાં સંસ્કારની સુવાસ સતત પ્રસરતી રહે છે. જૂની પેઢીનાં વરિષ્ઠો પાસેથી આજના યુવકને જીવન જીવવાની શીખ મળે છે, તેમ કહીને વરિષ્ઠોને ઋષિ કેરેકેટર તરીકેનું બહુમાન આપ્યું હતું. ડૉ. દેસાઈએ કહ્યું કે, "મૂઠી ઊંચેરા માનવ" શિવશંકરભાઇ છે. શીલ અને સાહિત્ય વચ્ચેની તાદમ્યતા જાળવવા. શારસ્વતોની પ્રંશસા કરી આજની પરિસ્થિતિમાં સદવાંચનની પ્રવૃત્તિમાં વેગવાન બનાવવા પર ખાસ ભાર મૂક્યો હતો.

ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ ઉપકુલપતિ ડૉ. ચંદ્રકાન્ત મહેતા અને ગાંધીનગર સમાચારના મેનેજિંગ તંત્રી શ્રી કૃષ્ણકાન્ત જ્હા અને લોકસાહિત્યના જાણિતા સર્જક દોલતભાઈ ભટ્ટે તેઓના શુભેચ્છા સંદેશામાં શિવસંકરભાઈને "ભારતીય સંસ્કૃતિના ઉમદા મૂલ્યોના ઉપાસક" તરીકે ગણાવી સદ્વાંચનનો પ્રચાર કરવાની તેમની પ્રવૃત્તિ બદલ અભિનંદન આપી આજના અવસરે પ્રસન્નતા વ્યક્ત કરી હતી. પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના શ્રી કૈલાસદીદીએ આર્શીવચન પાઠવતાં કહ્યું કે, આજનો પ્રસંગ આનંદ અને ગૌરવનો છે. ઈશ્વરે આપેલું જીવન કેટલું જીવ્યા, તેનું નહીં પણ કેવી રીતે જીવ્યા તેનું મહત્ત્વ છે.

સમગ્ર કાર્યક્રમની ભૂમિકા આપતાં સંસ્કૃતના પંડિત અને સદ્વાંચન પ્રવૃત્તિના પ્રેરક પ્રૉ. રશ્મિકાન્ત મહેતાએ શિવશંકરમાં નિષ્કામ કર્મયોગી અને પ્રત્યક્ષ શારસ્વત બંનેનો શુભગ સમન્વય સધાયો છે તેમ જણાવી "જીવન સરિતા" પુસ્તકનો વિસ્તૃત રસાસ્વાદ કરાવ્યો હતો તથા સારા પુસ્તકો સમયના વિશાળ મહાસાગરમાં ઊભી કરાયેલી દિવાદાંડી સમાન ગણાવી પાટનગરમાં કલમસેવીને નવાજવાની સિમાચિન્હરૂપ ઘટનામાં ઉપસ્થિત સૌને આવકાર આપ્યો હતો. શિવશંકરભાઈ દવેએ પ્રતિભાવમાં કહ્યું કે, જીવન પ્રભુકૃપાનું ઝરણું છે. "વહો એવી નિત્યે મુજ ઝરણું, દયાના પુણ્યોના તવ પ્રભુ મહાસાગર ભણી" આ પંક્તિ સાથે તેમણે ૭૫ વર્ષની જીવનયાત્રાના સર્વ સહયોગીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું રસપ્રદ સંચાલન કવિ ભરતભાઈએ કર્યું હતું.

આ પ્રસંગે જાણીતા ઈતિહાસકાર ઈશ્વરભાઈ ઓઝા પેન્શનર સમાજનાં પ્રમુખ શ્રીમતી લત્તાબેન ચોકસી, પ્રો. ગજેન્દ્ર શ્રીમાળી, સાહિત્યકારો શ્રી રમણ વાઘેલા, શ્રી ભાનુભાઈ પુરાણી, શ્રી સુરેશ ભટ્ટ તથા પેન્શનર સમાજનાં સદસ્યો સહિત અનેક અગ્રણીઓ સાહિત્ય સર્જકો અને નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

### કાવ્ય સેતુ : સમૃધ્ધિનું કારણ

વાંસ વનમાં
વાંસના લીલા માંડવા નીચે
ઊભાં - ઊભાં
મારા હૃદયમાં ઉતરી ગયા.
વાંસ ડાળોનાં અવળ-સવળ ગૂંચડાં,
વચ્ચે - વચ્ચે એમાં રહેલી ગાંઠો,
અભય બની ટહેલતા
મોરલાનો આસમાની રંગ,
પવન પણ ધીમે - ધીમે
ફૂલ - પર્ણને ઝૂલાવતો જાણે,
વનવગડો બધો
પંખીડાં, લીલુ ઘાસ,
કલરવને મીઠી - મધુરી
સોડમથી મઘ-મઘતો
અતિ સમૃધ્ધ કેટલો!
આટલી સ્મૃધ્ધિનું કારણ
હું શોધતો હતો -
ત્યાં તો પ્રવેશદ્વારે દીઠું એક બોર્ડ,
લખ્યું હતું -
'માનવ પ્રવેશ પર પ્રતિબંધ છે!'

- અનંત પટેલ

### ભલે ભાટે ધરતી

ભલે ફાટે ધરતી, કંપવે વા ધરા ધ્રૂજે અહીં
બધાં ઊંચા ઊઆંચા પ્રાસા દોય કડડ ભોંયે પડે
શિલાઓ દડે, મેરૂ હલબલે, તાંડવ છો મચે
આવ્યો પ્રકૃતિનો વારો, દવ ભભૂકે ભલે જગે!
ન રાખી જરા કોરી, કબર કાજે આપ્ત જનની
ન ધરાની જરા રાખી, લજ્જા - શરમે પ્રકૃતિની
ઊભાં કીધાં પથ્થર - રેતી - કપચીનાં મહાલયો
પૂર્ણા મત્સયો - શુકો - શ્વાનો પોષવા શોખ ઘરનાં
તરૂં કાપ્યાં, વહેર્યાં - ખૂંટી - ચૂંકે જડી દીધાં
ધરાની ધૂળના માથે કરી, ધીકતા ડામરે બાળી
કર્યા રસ્તા, નદીનાં તળ સૂકવ્યાં, રે બાંધ્યા બંધો
કર્યા પાપો ઝાઝાં, જનમો અટકાવી હદ કરી
આઘાતોના અડાબીડ વચ્ચે ઊભો છું તું માનવી
પસ્તાવાના વિપુલ ઝરણે કુંભ સ્નાન કરી લે

- ભાનુપ્રસાદ પુરાણી

### વૃક્ષો

વૃક્ષો ગમતાં નમતાં સૌને,
ઝાડ પાનમાં સ્વાગત થઈને;
સમીર સુગંધિત હરતો ફરતો,
કળી ખીલ્યાની વાત લઈને.
શૈશવ મોજ મજાની મસ્તી,
તરૂવર ડાળે હીંચકા ખાતું;
નદી સરોવર જળમાં નાહી,
છબછબિયામાં હસતું રમતું,
એકબીજામાં ચાંચ પરોવી,
પંખી બેઠાં સરોવર પાળે,
પ્રેમ તણા પાલવડો પકડી,
જાણે શ્યામ રાધાને ભાળે

- બાબુદાન ગઢવી

# હું સાચું આત્મજ્ઞાન એને ગણું છું, તમે તમારી મનગમતી પ્રવૃત્તિમાં જોડાયા હો ને રોજ રાત્રે સંતોષના શ્વાસ સાથે ઊંઘી શકો એ જ...

## લાગણીનો મેળો

- રસિક વાળંદ 'નિર્ઝર'

હીરો પહેલ પડે દીપે, ટીપે ઘાટ ઘડાય,

ધૂપ જલે, દીપક બળે - જીવન એમ જિવાય!

એક ભાઈ દુકાનદારને ઉદ્દેશીને બોલ્યા, 'શેઠ, ગઈકાલની ખરીદીના હિસાબમાં સો રૂપિયાની ભૂલ થઈ છે. લો, આ સો રૂપિયા!'

દુકાનદાર અને અન્ય હાજર સૌ દંગ થઈ ગયા. પ્રામાણિક સજ્જનને નિહાળી રહ્યા. હું પણ એ ભાઈની પ્રામાણિકતાને મુગ્ધ ભઆવે વંદી રહ્યો!! આ વેળાએ મને એક પ્રસંગ યાદ આવ્ય. 'એક નાનકડો છોકરો હતો. એને એનાં કાકીએ ખાંડ કરીદી લાવવાનું કહેલું. એ અઠાર માઈલ દૂરના શહેરમાં ભણવા જતો. ત્યાંથી ખાંડ લઈને પાછો આવ્યો. ઘેર જઈને એને ખબર પડી કે પેલા વેપારીએ હિસાબમાં ભૂલ કરીને પાંચ સેન્ટ (લગભગ એ જમાનાના પચાસ પૈસા) વધારે આપ્યા હતા. એ નાનો છોકરો એ જ વખતે પાછો વળ્યો. તે પેલા પાંચ સેન્ટ પાછા આપીને ઘેર આવ્યો. એ છોકરો હતો... અબ્રાહ્મ લિંકન.'

મોટો થઈને કેવો મહામાનવ બન્યો એની આખા જગતને જાણ છે.

પ્રામાણિકતામાં જ મહાનતાનાં બીજ છુપાયેલાં છે. પ્રામાણિકતા બહુ મોટો સદ્ગુણ છે. વિશ્વભરના મહાન આત્માઓ પ્રામાણિકતાના તેજથી દીપ્તિવંત છે.

દોસ્તો... વિચારવા યોગ્ય બાબત એ છે કે આપણે સૌ બીજા પાસે પ્રામાણિકતાની અપેક્ષા રાખીએ છીએ. પણ ખુદ જાત સાથે પ્રામાણિકતા કેળવવા ટેવાયા નથી. નીતિશાસ્ત્રમાં મૂલ્યોને નીતિ આપણે માત્ર બીજા સુધી જ સિમિત રાખ્યાં છે, પરંતુ જાત સાથેની પ્રામાણિકતા કે આત્મનિષ્ઠાનો અભાવ આપણને ખબર પડતાં નુકશાન કરતો રહે છે. વ્યક્તિ નિજી (ક્ષુલ્લક!) સ્વાર્થ માટે અપ્રામાણિકતા આચરે કદાચ ક્ષણિક લાભ પણ થાય... પણ... એનાથી એનું કંઈ દળદળ ફીટતું નથી. કહેવાય છે 'ભીખનાં હાંલ્લાં શીકે ન ચડે' - ને - 'દાંત ખોતરવાથી - ધરવ ન થાય' - એના જેવું જ...

અન્ય સાથે પ્રામાણિક વર્તાવ ઉત્તમ જ ગણાય તેમ જાત પરત્વેની પ્રામાણિકતા આપણા મનોજગતને વિહ્વળ બનાવી દે. આખુંય લાગણીતંત્ર ગરબડગ્રસ્ત થઈ જાય. ને આવી ગરબડ અંગત જીવનમાં પ્રશ્નો સર્જે.

મેં એવા વ્યક્તિઓ જોઈ છે જેઓ પોતાની મર્યાદાઓ કે ક્ષમતાઓને જાણ્યા - સમજ્યા વગર ગતાનુગતિક આગળ વધ્યા ને પરિણામે એમની કારકિર્દી ધૂળધાણી થઈ. ક્ષમતા કે શક્તિઓની પહેચાન જરૂરી છે એમ ખામીઓ કે મર્યાદાઓનું પણ ભાન હોવું જોઈએ. આત્મ પરિચય કે સ્વ ઓળખ ધરાવનાર જ પોતાની જાતનું સમતોલ પૃથ્થકરણ કરી જાણે ને પોતાની જાતનો જગત સાથે સંવાદ સાધી શકે.

મારાં એક સુશિક્ષિત મિત્ર દંપત્તિ... (સુખી સંપન્ન!?) એમાંયે મિત્ર પત્ની તો ડૉક્ટર Ph.D ની પદવી પ્રાપ્ત કરેલ છે... કોણ જાણે કેમ આ મિત્ર દંપત્તિ વચ્ચે એવો ખટરાગ સર્જાયો છે કે આજ કેટલાયે સમયમથી એકબીજાથી વિમુખ રહી જીવન ગુજારી રહ્યા છે. તેઓ છૂટાછેડા લઈ શકતાં નથી કે ન તો સહજીવન જીવી શકતાં...

દોસ્તો! લગ્નો અને સરસ મજાના મૈત્રી સંબંધો તૂટે છે એની પાછળનાં એનક કારણોમાં મને મુખ્યત્વે તો જાત છેતરામણી જ કારણ ભૂત જણાય છે. આવી અપ્રમાણિકતાની તડ લાંબે ગાળે વિસ્તરીને ખાઈ પણ બની જતી હોય છે, ને એક સમયે બંને જણાં દૂર દૂર ફંગોળાઈ જાય છે. પછી તો એવી દુશ્મનાવટ ઘર કરી જાય કે ઝેરના જીવતા પર્યાપ બની કણસરતા રહે છે.

જીવન સાપેક્ષ છે... દ્વંદ્વ છે... આવી અનિશ્ચિતતા તો સર્જાઈ શકે છે. પ...ણ... એ ન ભૂલશો કે આપણે તો માણસ છીએ વિચારશીલ છીએ... સંઘર્ષ સર્જાય... ગૂંચ પડે ત્યારે થોભીએ... મન શાંત કરી થોડું વિચારીએ... આપણે આત્મગૌરવ જાળવી પરસન્માનનું પણ વિચારીએ... ઈમર્સને કહ્યું છે, "માણસ જયારે પોતાના વિચારને પોતાનો અરિસો બનાવે છે ત્યારે જીવન વિકાસની અનોખી શક્યતાઓ એને માટે ઊભી થઈ જાય છે. આવા માણસને પોતાનું જીવન અને આખું જગત પારદર્શક દેખાવા લાગે છે."

હું સાચું આત્મજ્ઞાન એને ગણું છું. તમે તમારી મનગમતી પ્રવૃત્તિમાં જોડાયા હો ને રોજ રાત્રે સંતોષના શ્વાસ સાથે ઊંઘી શકો એ જ...

બસ, પૂરી સંભાવનાથી ઉઘાડી આંખે મોકળા મને વિહરતાં શીખીશું તો જ જગતનું મૂલ્ય બરાબર સમજાશે... જન્મનું સાર્થકય સમજાશે...!!!

- : **સ્પર્શમણિ** : -

ઘણીવાર એમ પણ દેખાય છે કે રેતીમાં ઘર બાંધી બાળકો જયારે સાંજ થાય ત્યારે, 'આ ઘર મારૂં ને તે ઘર તારૂં' કહીને લડતાં હોય છે. ઘર માટે છે, મોટાઓનાં ઝઘડા ઈંટો મકાન માટે છે. બંને લડે છે નાશવંત વસ્તુ માટે. માણસો આમ લડ્યા જ કરે તો માણસ આ ભૂમિમાં થઈ ગયેલા આટઆટલા મહાપુરૂષો પાસેથી મેળવ્યું શું? આટલાં વર્ષોમાં કેળવ્યું શું?

- **ચિત્રભાનું**

# જનરેશન ગેપ એ તો સદીઓની સમસ્યા છે, પણ આ ગેપ હવે મોટી ખાઈ બનતી જાય છે

## એક અનોખી સામાજિક ચિંતન શિબિર

- પોપટલાલ પ્રજાપતિ

સામાજિક સમસ્યાઓ અને પ્રશ્નો દરેક સમાજમાં એક સરખાં હોય છે. પધ્ધતિ અલગ હોઇ શકે. પણ માનવીય લક્ષણોમાં ઝાઝો ફેર પડતો નથી. દા.ત. સ્ત્રી ભ્રુણ હત્યા, છૂટાછેડા, પ્રેમલગ્નો કે દહેજના પ્રશ્નોથી દરેક સમાજ ઘેરાયેલો છે. અને આ પ્રશ્નો દિન પ્રતિદિન વકરતા જાય છે. વડીલો મૂંઝવણમાં છે એમના સામાજિક સ્ટેટ્સ જોખમાય છે. જનરેશન ગેપ એ તો સદીઓની સમસ્યા છે, પણ આ ગેપ હવે મોટી ખાઇ બનતી જાય છે. વડીલો યુવાનોને દરેક પ્રકારની સ્વતંત્રતા આપે છે. તેમના જીવનસાથીની પસંદગીમાં પણ અંતિમ નિર્ણય બાળકોનો જ હોય છે, છતાં સમસ્યાઓ સર્જાય જ છે. વાલીઓ અકળાય છે, મુંઝાય છે, સતત ટેન્શનમાં રહે છે કેમ કરીને રસ્તો કાઢવો આ સામાજિક વિટંબણાઓમાંથી.

આવી વેદના અને વલોપાત વચ્ચે તાજેતરમાં તા. ૧૪-૧૦-૧૨ ને રવિવારે ગોઝારીયા ખાતે એક સમાજનું વિશાળ સંમેલન ભરાયું જેમાં વિષય હતો "સામાજિક ચિંતન શિબિર" જેમાં પુખ્ત ઉંમરના બાળકો, વાલીઓ અને વિશેષ કરીને બહેનોની ગણના પાત્ર સંખ્યા હતી. સૌને ચિંતન કરવું હતું. સમાજમાં વધતાં છૂટાછેડા અને પ્રેમલગ્નો જેવા પ્રશ્નો કે જેનાથી કૌટુંબિક કલેશ એ સામાજિક માનહાનિના પ્રસંગો ઊભા થતા હતા. લગ્ન પહેલાં યુવક/યુવતી સાથે હર્યા ફર્યા હોય, એકાંત માણ્યું હોય, તમામ મર્યાદાઓ વટાવી ચૂક્યા હોય અને કોઇક સામાન્ય બાબતે અહમ ટકરાતાં છૂટા થવાનો નિર્ણય કરી દે, એટલું જ નહીં કેટલીક વાર પ્રેમલગ્ન કરીને પતિ-પત્નિ બનેલા યુવક/યુવતિઓ એકાદ વર્ષમાં જ વાંકુ પડે બંનેને એકાદ બાળક મા કે બાપનાં પ્રેમથી વંચિત થઇ જાય ત્યારે પ્રશ્ન થાય કે આ નિર્દોષ બાળકનો વાંક શો? ક્યારેક સમસ્યા તો ત્યાં થાય છે કે મા-બાપ દીકરીના લગ્નની ધામધૂમથી તૈયારીમાં વ્યસ્ત હોય, જાનના સ્વાગત માટે ભરપૂર તૈયારી ચાલતી હોય અને ગોર મહારાજ કન્યા પધરાવો સાવધાન નો સાદ કરે પણ કન્યા બ્યુટી પાર્લરમાંથી બારોબાર પ્રેમી સાથે પલાયન થઇ ગઇ હોય. જાનને લીલા તોરણે પાછી કાઢવી પડે તે વખતે મા-બાપ પર શી વીતતી હશે એની બાળકો જરાય ચિંતા કરતા નથી. બાળકોનાં પ્રેમલગ્નને વડીલો હવે સ્વીકારતા થયા છે પણ ક્યારેક એવા પાત્રોને પસંદ કરાતા હોય છે કે મા-બાપને દીકરા/દીકરીના ભવિષ્યમાં અંધકાર સિવાય કંઇ દેખાતું નથી. ત્યારે મા-બાપે આવા કડવા ઘુંટડા પણ ગળે ઉતારી જવાના? આ અને આવા બીજા પ્રશ્નો જેવા કે સ્ત્રી ભ્રુણ હત્યા, દહેજના ખોટા કેસો વિગેરે બાબતે પણ સૌએ મન મુકીને ચર્ચા કરી. સ્થળ હતું ગોઝારિયા પ્રજાપતિ સમાજની વાડી. જેમાં ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારનાં યુવક/યુવતીઓ અને બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે અખંડ આશ્રમના સંન્યાસી માતાજીએ શાસ્ત્રો અને ધર્મનો સહારો લઇ દીકરીઓને ત્રણ કુળને તારવાની શિખામણ આપી. તેમણે કહ્યું સ્ત્રીઓ ટીવી અને મોબાઇલથી દૂર રહે કારણ કે આ બંને દૂષણો સમાજનાં પતન માટે કારણભૂત છે. તેમણે જણાવ્યું કે બાહ્ય સૌંદર્ય અને ટાપટીપથી કે છેતરામણી સાહ્યબીથી લોભાશો નહીં. જિંદગીમાં એક વાર ભરાયેલું ખોટું પગલું તમારા જીવનની બાજી બગાડી નાખશે. વડીલોને પણ તેમણે શિખામણ આપી કે તમારી દીકરીઓને પ્રેમથી માથે હાથ મુકી ક્યારેય લાડથી તેના પ્રશ્નો કે તકલીફો બાબત પૃચ્છા કરી છે? એક વડીલે એવી પણ હૈયા વરાળ કાઢી કે વર્તમાન સમયમાં જો ઘરમાં ટીવી ન હોય તો પણ દીકરીના સંબંધમાં તકલીફ થાય છે. કહે છે ઘરમાં ટીવીય નથી. ઊંઝા મહિલા કોલેજનાં પ્રિન્સિપાલ શ્રી ડો. શિવરામભાઇએ જણાવ્યું કે વડીલોએ પોતાના અનુભવનું ભાથું દીકરીઓને આપવું જોઇએ. વડીલો યુવાનોને સમજવા પ્રયત્ન જ કરતાં નથી પરિણામે પ્રશ્નો ઉભા થાય છે. સ્ત્રીને આપણે દેવી કહીએ છીએ પણ તેની સાથે દાસી જેવો વ્યવહાર કરીએ છીએ.

(અનુસંધાન પાના નં. ૬ પર)

### આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

**૨૦મી ઓક્ટોબર**

- સરસ્વતીચંદ્ર જેવા મહાન ગ્રંથનાં લેખક ગોવર્ધનરામ ત્રિપાઠીનો જન્મ - ૨૦-૧૦-૧૮૫૫. ગુજરાતી સાહિત્યને સમૃધ્ધ બનાવનારા, ૧૯૦૫માં સાહિત્ય પરિષદના પ્રમુખ, કર્મવીર ગોવર્ધનરામે ગુજરાતી ભાષાને સમૃધ્ધ કરી છે.
- સુપ્રસિધ્ધ અસ્તિત્વવાદી જર્યા પોલ સાર્ત્રએ નોએલ પારિતોષિક લેવાનો ઇન્કાર કર્યો - ૧૯૬૪.
- ૧૭૪૨ - પવિત્ર અગ્નિ - આતશ બહેરામ સાહેબની સ્થાપના ઉદવાડા ખાતે કરવામાં આવી.
- ૧૯૪૭ - ગુજરાત કેળવણી પરિષદ - ભરૂચમાં ગાંધીજીના અધ્યક્ષ સ્થાને યોજાઇ.
- ૧૯૨૦ - કવિ વિવેચક જયંતિ હિ. પાઠકનો રાજગઢ ખાતે જન્મ.



- ૧૮૯૦ - શોધ સફરી લેખક ઇંગ્લેન્ડના ભડ પુરૂષ સર રિચર્ડ બર્ટનનું અવસાન - ૧૮૯૦.
- ૧૯૧૮ - ટ્રાન્સવાલ દક્ષિણ આફ્રિકામાં 'બ્રિટીશ' હિન્દી સંઘના સ્થાપક જર્નાલ અહમદ - મહંમદ કાછલિયાની પુણ્યતિથિ.